રોડનું કામ ગેરંટી પીરીયડમાં હોવા છતાં સમારકામ થતું ન હોવાનો આરોપ

જીતપુર-આકરૂન્દને જોડતા ૪ કી.મી. ભંગાર રોડથી વાહન ચાલકો ત્રાહીમામ : ૧૮મી સદીના માર્ગની યાદ તાજી થઈ

બાયડ, તા. ૧૫

બાયડ તાલુકાના જીતપુર-આકરૂન્દ રોડ ઉપર ૪ થી ૫ ફૂટનાં આત્મઘાતી ગાબડાં પડ્યાં હોવા છતાં સમારકામ થતું નથી. ભંગાર રોડથી વાહનોને નુકસાન થવાની સાથે અનેક મુસાફરીનાં હાડકાં ખોખરાં થઈ રહ્યાં છે. રોડનું કામ થયું ત્યારે નબળી ગુણવત્તાની ફરિયાદ ઉઠી હતી પરંતુ તંત્રએ ગંભીરતા ન દાખવતાં રોડનું કામ ગેરંટી પીરીયડમાં હોવા છતાં સમારકામ થતું ન હોવાના આરોપ લાગ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના અનેક માર્ગોના નિર્માણમાં વ્યાપક ભ્રષ્ટાચારની ફરિયાદો થવા છતાં જવાબદાર એજન્સી અને કોન્ટ્રાક્ટર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, જિલ્લામાં નવા બનેલા ડામર રોડ ૨-૪ મહિનામાં જ તહસ નહસ થઈ રહ્યા છે

જેથી ક્વોલીટી કંટ્રોલ ટીમની કામગીરી સામે પણ ગંભીર સવાલ થઈ રહ્યા છે. બાયડ તાલુકાના જીતપુર ત્રણ રસ્તાથી આકરૂન્દ તરફના ૪ કી.મી. માર્ગ ઉપર ૧૮મી સદીને યાદ કરાવે તેવા ઉબડ ખાબડ રોડથી જિલ્લામાં આવતા અનેક વાહન ચાલકો વિસ્મય પામી રહ્યા છે. બાયડ તાલુકાના કેટલાક આગેવાનો સામાન્ય બાબતમાં હોબાળા મચાવે છે તો પછી તેમને ભંગાર રોડ બાબતે અવાજ ઉઠાવતાં કોણ રોકી રહ્યું છે ?? એમની એવી કઈ મજબૂરી છે કે રોડના નબળા કામ મુદ્દે અવાજ ઉઠાવવાની હિંમત નથી?? સ્થાનિકોએ જણાવ્યું કે જીતપુર પેટ્રોલ પંપથી જાલમપુરા ગામ સુધીનો રસ્તો સંપૂર્ણ તહસ નહસ થઈ ગયો છે. નાનાં વાહનો ખાડામાં પટકાતાં સ્પેરપાર્ટસને નુકસાન થઈ રહ્યું છે. રોડ બનાવતા કોન્ટ્રાક્ટરે વેઠ વાળીને કામ કરતાં રોડ હવે સંપૂર્ણ તહસ નહસ થઈ ગયો છે જેથી નબળા કામ મુદ્દે જવાબદારો સામે પગલાં ભરવાં જોઈએ અન્યથા જીતપુર, વજેપુરાકંપા, વજેપુરાગામ, જાલમપુરા અને ધનપુરાકંપાના યુવાનો મોરચો માંડશે તે દિવસો દૂર નથી.

પહેલાં વર્ષમાં ૭૦ પ્રસુતિ હવે મહિનામાં ૭૦ પ્રસુતિ

ખેરોજ આરોગ્ય કેન્દ્રના ડોક્ટરનું જિલ્લા કલેક્ટરના હસ્તે બહુમાન : પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સૌથી વધુ લોકોને લાભિત કર્યા

બાયડ, તા. ૧૫

ખેરોજ સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરની મહેનત રંગ લાવી છે. પહેલાં વર્ષમાં માંડ ૭૦ પ્રસૂતિ થતી હતી હવે મહિનામાં ૭૦ પ્રસૂતિ કરી આદિવાસી વસતી ધરાવતા તાલુકામાં સરકારી હોસ્પિટલના ડૉક્ટરે આગવી નામના મેળવતાં તાજેતરમાં જ જિલ્લા કલેક્ટરના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સૌથી વધુ લોકોને લાભ આપવામાં આવ્યો છે.

સરકારી હોસ્પિટલનું નામ પડે એટલે નજર સમક્ષ ગંદી-ગોબરી હોસ્પિટલ હશે, દર્દીઓને પૂરતી સવલત મળતી નહીં હોય તેવું ચિત્ર પ્રજા સમક્ષ આવી જાય પરંતુ પાછલા વર્ષોમાં સરકારી દવાખાનાઓ અને હોસ્પિટલો ખાનગી હોસ્પિટલોને પણ ટક્કર મારે તે રીતે સુવિધાયુક્ત બન્યા છે. અનેક પ્રકારની અંધશ્રદ્ધા અને રૂઢીગત કુરિવાજોથી આજે પણ આદિવાસી વિસ્તારોમાં મહિલાઓને ડીલીવરી માટે દાયણ ઘરે આવતી હોય છે અને પ્રસૂતાઓના તેમજ ક્યારેક બાળકના અકાળે મોત નિપજતા હોય છે. ત્યારે ખેરોજ સરકારી આરોગ્ય કેન્દ્રના ડૉ. શીતલ ચારેલ આ વિસ્તારમાં લોકોમાં બિમારી સમયે પ્રસરતી અંધશ્રદ્ધાને દૂર કરવાની સાથે વર્ષ-૨૦૧૪માં તેઓએ ફરજ ઉપર હાજર થયા ત્યારે વર્ષમાં માંડ ૭૦ પ્રસૂતિ થતી હતી. મોટાભાગની પ્રસૂતા મહિલાઓની પ્રસૂતિ ઘરે થતી હતી. પરંતુ ડૉક્ટરે મહિલાઓને ઉત્કૃષ્ઠ આરોગ્ય સેવાઓ આપવાના સંકલ્પ સાથે જરૂરી ડૉક્ટરી સારવારની જાણકારી આપવાના પ્રયાસ કરતાં હવે દર મહિને ૭૦ થી વધુ પ્રવૃતિઓ થઈ રહી છે. તાજેતરમાં જ ડૉ. શીતલ ચારેલને જિલ્લા કલેક્ટર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હોટલ ઉદ્યોગ વિકસતાં ભોજનાલયોના પાયા હચમચ્યા

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આજથી ૨૫ થી ૫૦ વર્ષ પહેલાં હોટલ ઉદ્યોગનો પાયો નંખાયો ન હતો ત્યારે ભોજન શોખીનો અને પ્રવાસીઓની ભોજન ભૂખ સંતોષતાં ભોજનાલયોની ભારે બોલબાલા હતી પણ સમય બદલાતાં હોટલ ઉદ્યોગ અસ્તિત્વમાં આવતાં દરેક વિસ્તારોમાં હોટલો-રેસ્ટોરન્ટોનું સામ્રાજ્ય થઈ જતાં જિલ્લામાં જૂના ભોજનાલયોના પાયા હચમચવા લાગ્યા છે.

બદલાતા યુગમાં માનવીના ભોજનમાં પણ ધરખમ બદલાવ આવી ગયો છે. આધુનિક યુગના વર્તમાન સમયમાં ભોજન કરતાંય ફાસ્ટફૂડનો વધુ મોહ લોકોમાં જોવા મળી રહ્યો છે. જિલ્લામાં પ્રજાની ભોજન ભૂખમાં બદલાવ આવતાં નવા નવા રેસ્ટોરન્ટ અને હોટલો ઉભી થવા લાગી છે. ૨૫ થી ૫૦ વર્ષ પહેલાં જિલ્લામાં ભોજનાલયોનો દબદબો હોવાથી કેટલાક ભોજનાલયોમાં તો જમવા માટે લાંબી કતારો લાગતી હતી. જો કે સમયના બદલાતા વહેણની સાથે ભોજન ભૂખ સંતોષવા માટે આધુનિક હોટલ ઉદ્યોગ વિકસતાં ભોજનાલયોની પડતી શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં કોર્પોરેટ હાઉસને પણ શરમાવે તેવી હોટલોમાં જમવાનો ક્રેઝ દિવસે દિવસે વધી રહ્યો હોવાથી જિલ્લામાં રહ્યાં સહ્યાં ભોજનાલયો ભૂતકાળ બનવાને આરે આવીને ઉભાં છે. જિલ્લામાં ભોજનાલયોમાં સસ્તા દરે શુદ્ધ અને સાત્વિક ભોજન પીરસતાં ભોજનાલયો આજના યુગમાં ભૂતકાળ બનવાને આરે આવીને ઉભાં છે. બાયડ, મોડાસા, હિંમતનગર, ખેડબ્રહ્મા અને ઈડર વિસ્તારમાં આજે પણ લોકો જૂના ભોજનાલયોની રસોઈને વખાણતા જોવા મળી રહ્યા છે. ભોજનાલયોના સ્થાન હોટલો અને રેસ્ટોરન્ટોની સાથે ફાસ્ટફૂડની બોલબાલા સર્વત્ર વધી જતાં જિલ્લામાં આંગળીના વેઢે ગણી શકાય તેટલાં જ ભોજનાલયો ડગુમગુ રીતે ચાલી રહ્યાં છે. જો કે સ્વાદ શોખીનોએ શુદ્ધ સાત્વિક ભોજન પીરસતા ભોજનાલયો તરફથી મોં ફેરવી લેતાં કેટલાક ભોજનાલયોને તો ખંભાતી તાળાં વાગી ગયાં છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મલ્ટીલેવલ માર્કેટીંગની ઈન્દ્રજાળ : કોઈ કમાયા તો કોઈ પસ્તાયા..!!

દર રવિવારે યોજાતી બ્રેઈનવોશની મીટીંગો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી મલ્ટીલેવલ માર્કેટીંગ કંપનીઓનો રાફડો ફાટ્યો હોય તેમ સાવ સામાન્ય માણસોને ઓછા સમયમાં કરોડપતિ બનાવવાના સ્વપ્નો બતાવતી મલ્ટીલેવલ માર્કેટીંગ સ્કીમની ઈન્દ્રજાળ શહેરી વિસ્તારોથી માંડી ગામડાઓ સુધી પથરાઈ ગઈ છે. મોટા ભાગે ચેનલ સીસ્ટમથી મહિને રૂા.૫૦૦૦ થી માંડી રૂા.૫૦ હજાર કે તેથીય વધુ તમારી ક્ષમતા મુજબ તમે કમાઈ શકો છો તેવું બતાવી નવા નવા લોકોને મલ્ટીલેવલ માર્કેટીંગમાં જોડી કેટલાક પોતાની જ ચેનલો લાંબી કરવામાં લાગ્યા છે. જિલ્લામાં એક પ્રકારે એમ.એલ.એમ.નો જુવાળ ઉભો થયો હોય તેમ કેટલીક કંપનીઓ તો હવે પ્રજાના મોંઢે ચડી જતાં અનેક લોકો આંધળુકીયું કરીને ચેનલ સીસ્ટમમાં જોડાઈ પસ્તાયા છે તો કેટલાક રાતો રાત લખપતિ થઈ ગયાનું બહાર આવ્યું છે.

જિલ્લામાં શિક્ષિત બેકાર યુવાનોને કઈ રીતે નોકરી પ્રાપ્ત થાય અને ધંધા-રોજગાર વિહોણા પરિવારોને કઈ રીતે રોજગારી અપાવી શકાય તેના જાજા પ્રયત્નો સરકારી તંત્ર કે રાજકીય નેતાઓ કરતા નથી જેના પરિણામે ઝડપથી પૈસા કમાવવાના અભરખા યુવાનોમાં વધે તે સ્વભાવિક છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી કેટલીક મલ્ટીલેવલ માર્કેટીંગ કંપનીઓને પોતાનો બિઝનેસ વધારવા માટે જિલ્લાનું હવામાન માફક આવી જતાં મલ્ટીલેવલ માર્કેટીંગની ચેનલ સીસ્ટમોનો રાફડો ફાટી નિકળ્યો છે. જેમાં સામાન્ય માનવીની સમજમાં પણ ન આવે તેવી ઈન્દ્રજાળના પ્લાનમાં તમે ધારો તો મહિને રૂા.૫૦૦૦ થી લાખો કમાઈ શકો છો તેવું કંપની ટ્રેન લોકો અન્ય લોકોને સમજાવતા હોય છે અને રાતો રાત પૈસાદાર થવાના લોભમાં અન્ય લોકો પણ ચેનલ સીસ્ટમમાં જોડાઈ જાય છે પરંતુ ચેનલ બહુ લાંબી ચાલતી ન હોવાથી પસ્તાવાનો વારો આવતો હોય છે તો કેટલાક રાતદિવસ જોયા વિના ચેનલને આગળ ધપાવવામાં મંડ્યા રહેતા હોવાથી મલ્ટીલેવલ માર્કેટીંગમાં કેટલાક યુવાનો લાખો રૂપિયા કમાયાનું બહાર આવ્યું છે. જિલ્લામાં ભૂતકાળમાં આજ પ્રકારે એક મલ્ટીલેવલ માર્કેટીંગ કંપની જુવાળ ઉભો થતાં હજારો લોકો તેમાં જોડાયા હતા અને પાછળથી કંપની નૌકા ડૂબી જતાં જિલ્લાના લાખો રૂપિયા તેમાં ડૂબી જતાં મલ્ટીલેવલ માર્કેટીંગના કહેવાતા સૂત્રધારો રાતોરાત અદ્રશ્ય થઈ ગયા પછી આજદિન સુધી જાહેરમાં આવવાની હિંમત કરી શક્યા નથી ત્યારે જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી જે રીતે મલ્ટીલેવલ માર્કેટીંગ ચેનલનો જુવાળ ઉભો થયો છે તેની સરકાર રાહે તપાસ થવી રહી જિલ્લામાં અનેક મલ્ટીલેવલ માર્કેટીંગ કંપનીઓ મેદાનમાં આવી જતાં દર રવિવારે જિલ્લાની કોઈને કોઈ હોટલ અથવા અન્ય સ્થળોએ ચેનલ સીસ્ટમ સમજાવતી મીટીંગો યોજવામાં આવી રહી છે અને નવા નવા લોકોને તેમાં લાવી લાખોપતિ બનવાના સ્વપ્નો બતાવવામાં આવી રહ્યા છે. જો કે મલ્ટીલેવલ માર્કેટીંગમાં કોણ કેટલા કમાયા તે તો રામ જાણે પરંતુ શરૂઆતમાં જોડાનારા મહેનતું લોકો ચેનલ સીસ્ટમથી લખપતિ થઈ ગયાનું બહાર આવ્યું છે તો કેટલાક ચેનલ સીસ્ટમમાં જોડાઈ પૈસા રોકી પસ્તાયા છે. છેલ્લા કેટલાક સમયથી જિલ્લામાં રોજ નવી નવી મલ્ટીલેવલ માર્કેટીંગ કંપનીઓ મેદાનમાં આવી લોકોને પોતાના બિઝનેસમાં જોડી રહી છે ત્યારે કોઈ કંપનીમાં પ્રજાના રૂપિયા ડૂબે તે અગાઉ સરકારી રાહે પણ તેની તપાસ થવી રહી.

દુ:ખદ અવસાન..

બાયડ : ધનસુરાના જશુભાઈ પટેલ(નિવૃત્ત તાલુકા કેળવણી નિરીક્ષક-બાયડ,

ધનસુરા)ના માતા કમળાબેન છગનભાઈ પટેલનું દુ:ખદ નિધન થયેલ છે. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મે. ઉમિયા કન્સ્ટ્રક્શન કંપની-હિંમતનગરની મનમાની સામે અધિકારી-પદાધિકારીઓ લાચાર

મોટાભાગના કામ નબળી ગુણવત્તા હોવાની ફરીયાદ ઉઠી : તંત્ર કંપનીને બ્લેકલીસ્ટ કરતાં કેમ ખચકાય છે ?

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મે.ઉમિયા કન્સ્ટ્રક્શન કંપની હિંમતનગરની સામે અધિકારી-પદાધિકારીઓ લાચાર હોવાનું ચિત્ર સામે આવ્યું છે. મોટાભાગના કામ નબળી ગુણવત્તા

હોવાની સાથે કેટલાંક વિસ્તારોમાં કંપનીની ડિપોઝીટ જપ્ત કરી તંત્રએ સંતોષ માન્યો છે. પરંતુ નબળા કામના કારણે જેતે વિસ્તારની પ્રજાને ભંગાર રોડમાં હાડકાં ખોખરાં થઈ રહ્યા છે તેના માટે કોણ જવાબદાર ? તંત્ર કંપનીને બ્લેકલીસ્ટ કરતાં કેમ ખચકાય છે ? તે પ્રજાને સમજાતું નથી. હલકી ગુણવત્તાના કામોમાં ભાગ બટાઈ હોવાના આરોપ લાગ્યા છે.

જિલ્લામાં પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી સડક યોજના ઉપરાંત અન્ય યોજનાઓમાં ડામર રોડના કામ પાછળ સરકાર કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે. પરંતુ મોટાભાગના કામો નબળા હોવાથી ડામર રોડ કર્યાના સપ્તાહમાં કપચી-મેટલ ઉખડવા માંડે છે. જ્યારે માલપુર તાલુકામાં પણ નબળા કામોની ફરીયાદ પછી તપાસના નામે ઠંડું પાણી રેડ્યા જેવી સ્થિતિ છે. બાયડ, મોડાસા, હિંમતનગર સહિતના વિસ્તારોમાં ડામર રોડના કામોમાં વ્યાપક ગેરરીતિની ફરીયાદો સાંભળવા મળી રહી છે. તાજેતરમાં હિંમતનગર પાલિકામાં ૧૪મા નાણાંપંચ હેઠળ ફાળવવામાં આવેલી રૂા.૨.૪૦ કરોડના ખર્ચે ટીપી રોડને ઉમિયા કન્સ્ટ્રક્શન કંપની દ્વારા કામ કરવામાં આવ્યું હતું અને હલકી ગુણવત્તાનું કામ હોવાથી ડિફેક્ટ લાયબીલીટી પીરીયડમાં કામગીરી આવતી હોવા છતાં વારંવાર એજન્સીને નોટીસ આપી રોડ રીપેર કરવા નગરપાલિકાએ જણાવ્યું છતાં રીપેરીંગ કામ પૂર્ણ ન કરતાં કંપનીની રૂા.૧૭.૭૧ લાખની ડિપોઝીટ જપ્ત કરી પાલિકાએ સંતોષ માન્યો છે.

વેલેન્ટાઈન જન્મદિને સ્ત્રી રોગ હોસ્પિટલો ગુલાબના ફૂલથી મહેંકી

જિલ્લાની હોસ્પિટલોમાં વેલેન્ટાઈન-ડેના દિવસે ૨૦ થી વધુ બાળકોનો જન્મ : વેલેન્ટાઈન-ડે યાદગાર બનાવ્યો

બાયડ, તા. ૧૫

તા.૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન-ડેના દિવસે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની હોસ્પિટલોમાં ૨૦

થી વધુ બાળકોના જન્મને યાદગાર બનાવાયો હતો. મોટાભાગે સીઝર કરીને બાળકી લેવામાં આવ્યા હતા. કેટલાક સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉક્ટરોના જણાવ્યા અનુસાર કપલ દ્વારા આ અંગે અમને અગાઉથી જ જાણકારી આપવામાં આવી હતી અને તેના કારણે ડીલીવરીમાં એકાદ-બે દિવસનો વિલંબ પણ થયો હતો. વેલેન્ટાઈન-ડે ના દિવસે બાળકોના જન્મથી અનેક હોસ્પિટલો ગુલાબના ફૂલથી સુગંધિત બની હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર તા.૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન-ડે ની ગુજરાતમાં પણ ઉજવણી થઈ. પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણના આરોપ લાગેલા છે. ત્યારે પ્રેગનન્સી ધરાવતી મહિલાઓએ તા.૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન-ડે ના દિવસે જ પોતાના સંતાનનો જન્મ થાય તે પ્રકારે આયોજન કરવાની સાથે હોસ્પિટલમાં તેની પૂર્વ સંધ્યાએ દાખલ થયા હતા અનેક નવદંપતિ વેલેન્ટાઈનના દિવસે પરણ્યાને યાદગાર બનાવ્યા પછી સંતાન સુખને પણ યાદગાર બનાવ્યું હતું. જિલ્લાના મોડાસા, બાયડ, હિંમતનગર, ઈડર, પ્રાંતિજ સહિતની હોસ્પિટલોમાં ૨૦ થી વધુ ડીલીવરી વેલેન્ટાઈન-ડેના દિવસે સીઝેરીયન દ્વારા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

વેલેન્ટાઈન-ડે ના દિવસે બાળકના જન્મનો આગ્રહ : ડો. રવિ પટેલ

બાયડની જાણીતી માં હોસ્પિટલના સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ. રવિ પટેલે જણાવ્યું કે યંગસ્ટર કપલોએ અગાઉથી વેલેન્ટાઈન-ડે ના દિવસે બાળકનો જન્મ થાય તે પ્રકારે આયોજન કર્યું હતું. હોસ્પિટલમાં મનિષા પટેલ નામની મહિલા તે પ્રકારના આયોજન સાથે હોસ્પિટલમાં દાખલ થઈ અને વેલેન્ટાઈન-ડેના દિવસે બાળકને જન્મ આપ્યો હતો. બાયડમાં વેલેન્ટાઈન-ડે ના દિવસે ૭ થી વધુ બાળકોનો વિવિધ હોસ્પિટલોમાં જન્મ થયો છે.

જિલ્લામાં ભગવાન વિશ્વકર્મા જયંતિની આસ્થા સાથે ઉજવણી

બાયડ, તા. ૧૫

શિલ્પ અને કળાના દેવ ભગવાન વિશ્વકર્માની જન્મ જયતિ સોમવારે જિલ્લાભરમાં ઉજવવામાં આવી. પૃથ્વી પર સમગ્ર સૃષ્ટીની રચના સુખ-સુવિધાના સાધનોનું નિર્માણ કરતા વિશ્વકર્મા દેવના પ્રાગટ્ય દિને તેની ઉજવણી થતી હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તાલુકા મથકોએ વિશ્વકર્મા જયંતિએ વિશાળ શોભાયાત્રા નિકળી હતી.

ભગવાન વિશ્વકર્માના સંતાનો ગણાતા કારીગરો દર વર્ષે વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરતા હોય છે. મહાસુદ-૧૩ના દિવસે વિશ્વકર્મા જયંતિ નિમિત્તે તેમના વંશજ દરેક જગ્યાએ પૂજન, અર્ચન, મંત્રજાપ, મહાઆરતી, સ્નેહમિલન, સન્માન સમારંભોનું આયોજન કરતા હોય છે. જિલ્લાના હિંમતનગર, મોડાસા, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, ધનસુરા અને બાયડ સહિતના

અનેક વિસ્તારોમાં સોમવારે વિશ્વકર્મા જયંતિ નિમિત્તે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાયડમાં વિશ્વકર્મા પરિવાર દ્વારા વિશાળ શોભાયાત્રા પ્રમુખ કમલેશ ભોગીલાલ સુથાર, ઉપપ્રમુખ મનિષ પંચાલ અને તેમની ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વકર્મા જયંતિ નિમિત્તે તમામ કારીગરોએ કામગીરી બંધ રાખી વિશ્વકર્મા જયંતિની ઉજવણીમાં સામેલ થયા હતા. વિશ્વકર્માના દેવત્વ અને આચાર્યત્વની ગણના કરતાં તેમના શાસ્ત્ર કથનની શિલ્પાદી કાર્યોનો શુભારંભ કરાય છે. પુરાણોથી એવું જાણવા મળે છે કે વિશ્વકર્માએ બધા દેવીનું નામકરણ કર્યું હતું. ભગવાન શિવની આજ્ઞા અનુસાર તેમને દેવોની એક સુંદર નગરી, વિષ્ણુનું સુદર્શન ચક્ર, ભગવાન શિવનું ત્રિશૂલ, માતા પાર્વતીના અલંકાર અને પુષ્પક વિમાનનું નિર્માણ કર્યાનું મનાય છે. જ્યારે પુરાણોમાં કહેવાયેલી દંતકથા અનુસાર તેમનો પુત્ર વૃત્રાસૂર શ્રેષ્ઠ યોદ્ધા હતો તેનાથી દેવો પણ ડરતા હતા, બહુ પરાક્રમી હોવાથી તે નિરંકુશ અને અત્યાચારી બની ગયો. ભગવાન ઈન્દ્રએ પણ તેના અત્યાચારને ખતમ કરવાની ચિંતા થઈ તેમને મહર્ષિ દધીચીના અસ્થિથી વજ્ર બનાવવાની વાત આવી ત્યારે તેમને સહર્ષ પ્રાણત્યાગી અને અસ્થિ સોંપી દીધા હવે સમસ્યા એ હતી કે વજ્ર બનાવે કોણ..?? આ સમયે બધાનું ધ્યાન વિશ્વકર્મા ઉપર ગયું અને તેમને ઈન્દ્ર દ્વારા વિનંતી કરવામાં આવતાં તેમને વજ્ર બનાવી આપ્યું જેનાથી વૃત્રાસૂરનો ઈન્દ્રના હાથે નાશ થયો આમ તેમને રાષ્ટ્રપ્રેમ માટે પુત્રની આહુતિ આપી. ભગવાન વિશ્વકર્માની જનસમાજમાં વિશેષ જાણકારી ન હોવાથી એવું મનાય છે કે તેઓ શિલ્પ અને કળાના દેવ છે.